શહેરમાં ઓરી વિરોધી રસીકરણનો આરંભ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં નવમાસથી ૧૦ વર્ષના બાળકો માટે ઓરી વિરોધી રસીકરણ અભિયાનનો આજથી આરંભ થઈ રહ્યો છે.

આજથી આરંભાઈ રહેલ આ અભિયાનના પ્રથમ દિવસે જ ત્રણ હજાર જેટલા બાળકોને આવરી લેવાનું આયોજન કરાયું હોવાનું જણાવતાં આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટે જણાવ્યું હતું કે આજે ૧૫ જેટલી ટીમો આ અભિયાનમાં કાર્યરત થશે.

ડૉ. બારોટે જણાવ્યું હતું કે પ્રથમ દિવસે શહેરની ૧૦ જેટલી પ્રા. શાળાઓના બાળકોને આવરી લેવામાં આવનાર છે. આ માટેની પુરેપુરી તૈયારીઓ થઈ ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે સવારે ૭.૩૦ વાગ્યાથી અભિયાનનો આરંભ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં ૩૬ હજાર જેટલા બાળકોને આ અભિયાન તળે આવરી લેવામાં આવનાર છે. ડૉ. બારોટે જણાવ્યું હતું કે પ્રથમ તબક્કામાં પ્રા. શાળાના બાળકોને આવરી લેવામાં આવશે. આ પછી રહી ગયેલા બાળકો માટે સેક્ટરવાઈઝ ખાસ બુથ ઉભા કરી અને બાળકોને આવરી લેવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે એક વેક્સીનેટર દ્વારા પાંચ જ બાળકોને રસી આપવામાં આવશે. રસીકરણના અભિયાનમાં ડીસ્પોઝેબલ સિરીંઝ ઉપીયોગમાં લેવાશે. રસીકરણ કરાવનાર બાળકોને નિમંત્રણ કાર્ડ મોકલી આપવામાં આવ્યા છે.

ડૉ. બારોટે જણાવ્યું હતુ કે રસીકરણ થયેલ બાળકની જમણા હાથની ટચલી આંગળી પર અવિલોપ્ય શાહીથી નિશાની પણ કરવામાં આવનાર છે. આ માટે કર્મચારીઓને તાલીમબદ્ધ પણ કરી દેવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યુ હતુ કે શાળાના આચાર્યો, વાલીમંડળોના અગ્રણીઓ સાથે પણ તંત્ર દ્વારા બેઠકો યોજવામાં આવી હતી.

કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત બે દિવસીય યુવક મહોત્સવ સંગત-૨૦૧૨ અંતર્ગત ગુરુવારે પ્રથમ દિવસે સંગીત, સાહિત્ય અને થિયેટરની વિવિધ સ્પર્ધાઓનો આરંભ થયો હતો. પ્રસ્તુત તસવીર કોલાજ અને સંગીતની સ્પર્ધાની છે. મહોત્સવ અંતર્ગત બે દિવસમાં ૨૩ જેટલી સ્પર્ધાઓમાં ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. (તસવીર : દિપક જાની)

નવરાત્રી એટલે ઉપાસના અને ઉપવાસનું પર્વ

નવરાત્રી આવે એટલે સમગ્ર વાતાવરણ આસ્થા અને શ્રદ્ધાના રંગમાં રંગાય જાય છે. ચારે તરફ એક અનોખો ભક્તિભાવ જોવા મળે છે. ઘટસ્થાપના, દેવી સ્તુતિ, મધુર ઘંટડીઓના રણકાર, દીવા-બત્તી-ધૂપની સુગંધ, આ નવ દિવસ સુધી ચાલતા આ સાધના ઉત્સવ

નવરાત્રીનું જ એક ચિત્ર છે. આપણી સંસ્કૃતિમાં નવરાત્રીના તહેવારનું એક વિશેષ મહત્વ છે. નવરાત્રીનો તહેવાર વર્ષમાં બે વખત આવે છે.

નવરાત્રીમાં ઈશ્વર પ્રત્યેની ભક્તિ અને અધ્યાત્મનો સંગમ થતો જોવા મળે છે. આસો મહિનામાં આવતી આ નવરાત્રીમાં નવ દિવસ ગરબા અને રાસ રચાય છે. આ ઉપરાંત રામલીલા, રામાયણ, ભાગવત, પાઠ, જેવા ધાર્મિક અનુષ્ઠાનો થાય છે. અને તેથી જ તો નવરાત્રી દરમિયાન દરેક વ્યક્તિ એક નવા ઉત્સાહ અને ઉમંગથી ભરેલો જોવા મળે છે.

નવરાત્રી ઉપાસના અને આરાધનાનું પર્વ છે. આ દિવસોમાં દરમિયાન ભકતો માતાના આરાધનામાં લીન થઈ જાય છે. આ તહેવાર દરમિયાન ભકતો શાંતિ અને સુખ પ્રાપ્ત માટે વ્રત અને ઉપવાસ રાખે છે.

નવરાત્રી પર્વ પર જો માતાની ઉપાસના કરવામાં આવે તો પરમ આનંદ મળે છે. આપણે જાણીએ છીએ કે કોઈ પણ કાર્ય જે બધા એકત્ર થઈને કરીએ તો સમાજની એકતા મજબૂત થાય છે. સમાજ સંગઠિત થાય તો રાષ્ટ્રીય એકતા પણ મજબૂત થાય. તેથી માતાની ઉપાસના સામૂહિક રૂપે કરવાથી આનંદ મળે છે.

નવરાત્રીમાં જેટલું મહત્વ માતાના જુદા જુદા સ્વરૂપોની આરાધનાનું છે તેટલું જ મહત્વ માતાની આરાધના દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

નવરાત્રી દરમિયાન ધૂપ-અગરબત્તી જેવા પૂજાપાની માંગ રહે છે

ગાંધીનગર, તા. ૧૧

ઉપાસનાના પર્વ એવા નવરાત્રી દરમિયાન ધૂપ-અગરબત્તી જેવા પૂજાપાની ખૂબ માંગ રહે છે. આ ઉપરાંત માતાજીની ચુંદડી અને સાજ સજાવટની વસ્તુઓના વેચાણમાં વધારો થાય છે.

બસ સ્ટેન્ડમાં પૂજાપાનો સ્ટોર ધરાવતા જયેન્દ્રસિંહ બિહોલા કહે છે કે નવરાત્રી દરમિયાન ઘણા લોકો ઉપવાસ કરે છે અને માતાજીની આરાધના કરે છે. સવાર-સાંજ આરતી ઉપરાંત કેટલાક અનુષ્ઠાનો આ સમય દરમિયાન થતા હોવાથી પુજાપાની ખુબ માંગ રહે છે. માતાજીની ચૂંદડી ઉપરાંત ગબ્બર અને મંદિર સજાવવા માટેની નાની-મોટી ચીજવસ્તુઓનું વેચાણ નવરાત્રી દરમિયાન વધી જાય છે. દશાંગ, ગુગળ અને બત્રીસો ધુપ ઉપરાંત જાતભાતની અગરબત્તીઓ ખરીદવા ગ્રાહકોની ભીડ જામે છે. યજ્ઞકુંડ, ધુપીયું અને નાની ધજા ખરીદવા પણ ઘણા લોકો આવે છે.

સિનિયર સિટીઝન્સ કાઉન્લીસનો અનોખો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ સંસ્થાના ૧૬૩ દિવંગત સભ્યોને શ્રદ્ધાસુમન અર્પણ કરવા ભજન સંધ્યા

ગાંધીનગર, તા. ૧૧

હીન્દુ સંસ્કૃતિમાં ધાર્મિક માન્યતા મુજબ શ્રાદ્ધપક્ષમાં પિતૃઓની તર્પણ ક્રીયાઓનું વિશેષ મહત્વ હોય છે. સ્વજનોને શ્રદ્ધાસુમન અર્પણ કરવાની ભાવના માત્ર તેમના પરિવારજનો પૂરતી જ સિમિત ન રહેતા શહેરની સંસ્થા દ્વારા પણ 'દિવંગત'ના આત્માના કલ્યાણ અર્થે એક અનોખો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના ઉપક્રમે સંસ્થાના સ્થાપનકાળથી આજ પર્યંત દિવંગત થયેલા સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પવા ભજનસંધ્યાના નવતર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૧૪ ઓકટોબરના રોજ સે. ૧૨ આંબેડકર હોલ ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સંસ્થાના ૧૬૩ દિવંગત સભ્યોને શ્રદ્ધા-સુમન અર્પણ કરવા ભજનસંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવશે. શ્રાદ્ધપક્ષની ઉજવણી અન્વયે સંસ્થાના પૂર્વ સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પવા જાણીતા કલાકાર બિરેન પુરોહિત તેમજ તેમનું કલાવૃંદ ભજનના સૂર રેલાવશે. ભજન સંધ્યાના કાર્યક્રમમાં સર્વે સભ્યોને શ્વેત વસ્ત્રો પરિધાન કરી આવવા સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ શાહે જણાવ્યું છે.

સે-૧૭ 'છ' ટાઈપના મકાનની છતમાં મોટું મસ ગાબડું પડયું

બપોરના સમયે બેડરૂમની છતમાંથી તોતિંગ પોપડું પડયું સરકારી આવાસમાં વસતા રહીશોના જીવ પડીકે બંધાયા

ગાંધીનગર, તા.૧૧

સે-૧૭માં 'છ' ટાઈપ વિસ્તારમાં સ્થિત એક સરકારી મકાનના બેડરૂમમાં આજે બપોરે છતમાં તોતિંગ ગાબડું પડયું હતું. બપોરના સમયે અચાનક જ બેડરૂમની છતમાંથી પોપડું પડતા આવાસમાં રહેતા રહીશો ચોંકી ગયા હતા. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. પરંતુ છત નીચે મૂકેલા સિલાઈ મશીનને નૂકશાન થવા પામ્યું હતું. રોજબરોજ સરકારી આવાસની છતમાંથી મોટા મસ પોપડા ખરતા સરકારી આવાસમાં વસતા કર્મચારીના જીવ પડીકે બંધાયા છે.

શહેરના સરકારી આવાસોમાં રહેતા વસાહતીઓ પર મોતનો ખતરો જંબુળી રહ્યો છે. પ્રધાનો અને અફસરોના બંગલા પાછળ કરોડોનું

● અનુસંધાન પાન-૭ પર

ચૂંટણી પ્રક્રિયાના અભ્યાસ માટે નવ દેશોના પ્રતિનિધીઓ આજે ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની યોજાનાર સામાન્ય ચૂંટણીઓ અંગે ચાલી રહેલી તૈયારીઓ તેમજ તંત્રની કામગીરી સહિતની બાબતોના અભ્યાસ માટે આજે નવ જેટલા દેશોના ૧૬ જેટલા પ્રતિનિધિઓ આવી રહ્યા છે.

સવારે ૧૧ વાગ્યાના સુમારે આ પ્રતિનિધિમંડળ ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચશે જ્યાં સ્વાગતની ઔપચારિકતા બાદ તેઓ જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપને મળશે.

આ પ્રતિનિધિમંડળને જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપ દ્વારા જિલ્લામાં ચાલી રહેલી તૈયારીઓ, મતદારજાગૃતિ અભિયાન તેમજ મતદાનની પ્રક્રિયા, ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ લાદવા માટે રચાયેલી જુદી જુદી સમિતિઓની કામગીરી સહિતની બાબતો અંગેની વિગતો આપશે.

આ પ્રતિનિધિમંડળ આખો દિવસ ગાંધીનગર ખાતે રોકાશે અને પંચના અધિકારીઓ દ્વારા ચાલી રહેલી જુદી જુદી કામગીરીને નિહાળી તેનો અભ્યાસ કરશે. તેઓ હાલ જિલ્લામાં મતદાન માટેના મશીનોના ફર્સ્ટલેવલ વેરીંગની કામગીરી પણ નિહાળે તેવી સક્યતા છે.

આ પ્રતિનિધિમંડળ દહેગામ વિધાનસભા મત વિસ્તારની મુલાકાત લઈ મતદારો માટે પંચ દ્વારા કરવામાં આવતી વ્યવસ્થા પ્રથાને પણ નજરે નિહાળશે. આ ઉપરાંત આચારસંહિતા અંગે લેવાયેલા પગલાંઓની જાણકારી પણ મેળવશે.

ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવેલ આ પ્રતિનિધિમંડળ ચૂંટણીપંચ દ્વારા યોજાનાર સામાન્ય ચૂંટણીઓનો અભ્યાસ કરી રહેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

તમારે જો શ્રેષ્ઠ સ્પર્ધા કરવી હોય તો એ તમારી જાત સાથે કરો

યુવાની એને કહેવાય જેની પાસે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ વધારે છે અને માનવી કોઈપણ વયે યુવાન હોઈ શકે છે, જે ઘરેડમાં ચાલે તે ઘરડો અને જે નવું કરે તે યુવાન



(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર, તા. ૧૧

'હેલો સ્પાર્ક્સ ઑફ ઇન્ડિયા, ઍન્ડ સ્માઈલ્સ ઑફ ઇન્ડિયા !' ભરચક ઑડિટોરિયમમાં બેઠેલા યુવકો અને યુવતીઓને આ સંબોધન કરીને જય વસાવડાએ એમને પ્રવચનના આરંભે જ પોતાના કરી લીધા હતા.

અસરકારક વક્તવ્ય આપીને ખ્યાત લેખક અને હવે સફળ વક્તા તરીકે પણ ઓળખાતા જય વસાવડાએ કડી સર્વ વિશ્વ-વિદ્યાલયના ચોથા યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૨'ના ઉદ્‌ઘાટન સમારોહમાં પોતાનાં સફળ વક્તવ્યોની હારમાળામાં વધુ એક મણકાનો ઉમેરો કરી દીધો હતો અને ઉપસ્થિત યુવા વર્ગ ઉપર સારો એવો પ્રભાવ પણ પાડ્યો હતો.

શેખાદમની જાણીતી પંક્તિ 'અમને અમારી જવાની ગમે છે'નો ઉલ્લેખ કરીને એમણે યુવાનીની સરસ સમજ આપતાં જણાવ્યું હતું કે 'યુવાની એને કહેવાય જેની પાસે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ વધારે છે. અને માનવી કોઈપણ વયે યુવાન હોઈ શકે છે. જે ઘરેડમાં ચાલે તે ઘરડો અને જે નવું કરે તે યુવાન. અને યુવાન આવતીકાલની આશાના સહારે સ્પર્ધાઓમાં ભાગ લે છે. તમે સૌએ પણ આટલી મોટી સંખ્યામાં યુવક મહોત્સવની સ્પર્ધાઓમાં ભાગ લીધો છે એ બદલ તમને સૌને અભિનંદન.

હું આજે જે કંઈ પણ છું એ એટલા માટે છું કારણ કે હું પણ મારા અભ્યાસ કાળ દરમ્યાન ઈતર પ્રવૃત્તિઓમાં ભરપૂર ભાગ લેતો.

તમારે જો શ્રેષ્ઠ સ્પર્ધા કરવી હોય તો એ તમારી જાત સાથે કરો. પહેલાં સ્પર્ધા જાત સાથે કરો અને પછી જગત સાથે સ્પર્ધા કરો. કારણ કે જગત સાથે સ્પર્ધા કરો તો એમાં સરખામણી આવે છે અને જાત સાથે સ્પર્ધા કરો તો એમાં શ્રેષ્ઠતા આવે છે, એમ કહી એ મણે સુપરસ્ટાર ઑફ ધ મિલેનીયમ અમિતાભ બચ્ચન કે જેમનો આજે જન્મદિન હતો તેમને યાદ કર્યા હતા અને જણાવ્યું હતું કે એ માણસે હંમેશા પોતાની જાત સાથે સ્પર્ધા કરી છે અને એટલે એ મેગા સ્ટાર તરીકે ચાર દાયકાથી લોકોનાં દિલો પર રાજ કરી રહ્યા છે. તમે જાત સાથે સ્પર્ધા કરશો અને સતત કાર્ય કરતા રહેશો તો એક દિવસ અવશ્ય ઈતિહાસ રચી શકશો.

માઈકલ જૅક્સને એક સરસ વાત કહી છે, 'આપણાં રોજનાં કામોનો સરવાળો થતો જશે અને એક દિવસ આપણે પાછળ વળીને જોઈશું તો ઈતિહાસ રચાયેલો હશે.'

હરિવંશરાય બચ્ચનની પ્રસિદ્ધ કવિતા છે : કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી... એમાં એમણે પ્રેરણાદાયક વાત કરી છે : 'અસફલતા ચુનૌતી હૈ, ઉસે સ્વીકાર કરો; કહાં કમી રહે ગઈ ઉસે દેખો ઔર સુધાર કરો.

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસ સત્તામાં આવશે તો નવી કલ્યાણ યોજના

એસસી-એસટી અને ઓબીસી માટે યોજના અમલમાં મુકાશે

કોંગ્રેસે પ્રજા વિકાસ દર્શન અંતર્ગત ૯મા મુદ્દાની જાહેરાત કરી : ચૂંટણી પૂર્વે કોંગ્રેસે ઘણા કાર્યક્રમોની જાહેરાત કરી

અમદાવાદ, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસે ગુજરાત પ્રજા વિકાસ દર્શન ૨૦૧૨ અંતર્ગત નવમા મુદ્દાની આજે જાહેરાત કરી હતી. કોંગ્રેસ પક્ષ જો સત્તામાં આવશે તો એસસી-એસટી, ઓબીસી, માઈનોરીટી અને ઉચ્ચવર્ગના આર્થિક પછાત વર્ગના લોકોને માટેની ઉત્કર્ષ યોજનાઓનો અમલ કરીને સૌનો વિકાસ કરાશે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને ચૂંટણી કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ આજે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ સત્તામાં આવશે તો આદિવાસી, વિચરતી જાતી, બક્ષીપંચ અને લઘુમતિ સમાજના વિકાસ માટે કટિબદ્ધ બનીને આ તમામ વર્ગના ઉત્કર્ષ માટે કામ કરશે. આદિવાસી વિસ્તાર માટે પંચાયત એક્સટેન્શન ટુ શેડ્યુલ એરિયાઝ એક્ટ સંપૂર્ણ અમલ કરાશે. વનબંધુ નામ સરકારી દફતરેથી સંપૂર્ણપણે નાબૂદ કરાશે. વનબંધુ યોજનાના નામે ભ્રષ્ટાચાર અને ગેરરીતિ વ્યાપક પ્રમાણમાં કરવામાં આવી છે. એની ન્યાયિકતપાસ કરાશે. સિંચાઈ સુવિદા આદિવાસી ખેડૂતોને મહત્તમ મળે એવા પ્રયત્નો કરાશે. જંગલની જમીનની માગણીઓની પડતર અરજીઓનો તાત્કાલિક નિકાલ કરી જમીનના અધિકાર પત્રો સાથે આદિવાસી અને જંગલમાં રહેતા લોકોને જમીનોની ફાળવણી કરાશે. આ ઉપરાંત આદિવાસી વિસ્તારોના તમામ ગામોને ધો. ૧ થી ૮ સુધીના વર્ગો આપીને આરટીઈ એક્ટનો સકારાત્મક અમલ કરાશે. આદિવાસી વિસ્તારની તમામ પ્રા. શાળાઓમાં સ્થાનિક સંસ્કૃતિ પ્રમાણેનું મધ્યાહન ભોજન અપાશે. અતિ પછાત આદિવાસી વિકાસ બોર્ડની રચના કરાશે. તેમણે જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિના લોકોના વિકાસ માટે દલિત સહકારી મંડળીઓને પુનઃ જીવીત કરાશે. માથે મેલું ઉપાડવાની પ્રથા સર્દતર બંધ કરાશે. બેગલોગની ખાલી જગ્યાઓ ત્વરિત ભરાશે. પીટીસી શિક્ષકોમાં ૨ ટકા જગ્યા વાલ્મીકી સમાજની ભરાશે. દરેક તાલુકામાં આંબેડકર ભવન બનાવાશે. દલિત પરિવારોને અન્યાય ન થાય તે માટે વિજિલન્સ સ્કવોર્ડ બનાવાશે. આ ઉપરાંત ઓબીસી-બક્ષી પંચમાટે રેનકે કમિશનની ભલામણો સ્વીકારાશે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાનેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com